| શીર્ષક | બિલિંગ અને દરદી સિલક એકત્રીકરણ | | |
|---|---|---|---|
| ક્રમાંક | NH-LD-FM 111.5 | છેલ્લો સુધારો/સમીક્ષા કર્યાની અસરકારક તારીખ: | 1 જાન્યુઆરી, 2016 |
| ટીજેસી કાર્યો | સતત સારવાર | | |
| અહીં લાગુ થશે | નોવાન્ત હેલ્થ: હૉસ્પિટલ્સ, NHmg, ફ્રીસ્ટેન્ડિંગ ઇમેર્જિંગ સેન્ટર્સ, ફ્રીસ્ટેન્ડિંગ સર્જરી સેન્ટર્સ, રિહેબિલિટેશન સેન્ટર્સ, કેટોન મર્ચન્ટ હાઉસ, પ્રિન્સ વિલિયમ કેન્સર સેન્ટર, કોર્પોરેટ ડિપાર્ટમેન્ટ્સ (NMG સાઉથપાર્ક સર્વિસિસ - ફક્ત CRNAs) | | |

## I. વ્યાપ / હેતુ

નોવાન્ત હેલ્થની અંદર બિલ જારી કરવા અને દરદી સિલકો એકત્રિત કરવાની પ્રક્રિયા માટે માર્ગદર્શન પૂરું પાડવું.

ધનોવાન્ત હેલ્થ ("NH") ધ્યેય વિધાન, "સમુદાયોના દરેક વ્યક્તિનું આરોગ્ય સુધારવું", નોવાન્ત હેલ્થનો બિન-લાભકારી વારસો અને જ્યાં અમે સ્થિત છીએ ત્યાંના સમુદાયો તરફનું સામાજિક ઉત્તરદાયિત્વ પ્રતિબિંબિત કરે છે. નોવાન્ત હેલ્થ અથવા અન્ય અધિકૃત પક્ષ દ્વારા ત્રાહિત પક્ષનાં ચુકવણીદારો અથવા દરદીઓને ભરપાઇ કરવાની પ્રક્રિયા અને સમય મર્યાદા વિશે ખુલાસો કરવાનો આ નીતિનો હેતુ છે.

## II. નીતિ

A. સેવાઓ માટે ચુકવણી.

નોવાન્ત હેલ્થની ધર્માદા નીતિ હેઠળ તે વ્યક્તિની નાણાકીય સહાય માટે લાયકાત છે કે કેમ અથવા ચુકવણી કરવાની ક્ષમતા છે કે કેમ તે ન જોતા કોઇપણ વ્યક્તિને લાગુ હોય તે અનુસાર NHની EMTALA નીતિ હેઠળ મર્યાદિત ન હોય તેવી સેવાઓ સહિત તબીબી રીતે ઉદ્ઘામી અથવા તબીબી રીતે તાકીદની ગણાતી સેવાઓ પૂરી પાડવી તે NHની નીતિ છે.

તેવા દરદીઓ માટે જેઓ ત્રાહિત પક્ષના ચુકવણીદારો દ્વારા આવરિત ન હોય તેઓ માટે સવલત અને અથવા ક્લિનિક, તે ખાતરી કરવા માટે પ્રતિબદ્ધ છે કે દરદીનું કોઇપણ સમવાયી, રાજ્યની અથવા સ્થાનિક સત્તાઓ દ્વારા લાયકાત માટે મૂલ્યાંકન થશે અથવા તો શું દરદી NHની ધર્માદા કાળજી અથવા અન્ય નાણાકીય સહાય કાર્યક્રમો અથવા કોઇપણ સમુદાય/ત્રાહિત પક્ષનાં કાર્યક્રમો માટેના માપદંડો પૂર્ણ કરે છે.

તેવા દરદીઓ માટે જેઓ ત્રીજા પક્ષનાં વીમા(ઓ) દ્વારા આવરિત હોય, સવલત અને અથવા ક્લિનિક બિલિંગ અને ચુકવણી એકત્રીકરણનાં પ્રયાસો સમયસર કરશે.  NH ચુકવણીદાર સાથે કરારબદ્ધ હોય અને જો સેવા સમયે યોગ્ય માહિતી પૂરી પાડવામાં આવી હોય તો NH દરદીનો વીમો ફાઇલ કરશે. દરદીની જવાબદારી સેવા સમયે સવલતની લેણીની રકમનો નિકળતો હિસ્સો ચુકવવાની છે.

ચુકવણી ન કરવામાં આવે તે પ્રસંગે, નોવાન્ત હેલ્થ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરી શકે: ખાતાને ચુકવણી એકત્ર કરવા માટે કોઇ બાહ્ય એજન્સીને સોંપવામાં આવે અથવા ફરજ ચુકનાર ખાતાને કોઇક ક્રેડિટ એજન્સી સમક્ષ અહેવાલિત કરવામાં આવે જે માત્ર આ નીતિ અનુસાર હશે. મર્યાદા વિના મિલકત ઉપરનો પૂર્વાધિકાર, મિલકતનો કબજો લેવો, બેંકના ખાતાનો અથવા અંગત મિલકતનો કબજો લેવો, દીવાની કાર્યવાહી હાથ ધરવી, વેતનની કપાત સહિત ચુકવણી ન કરવા અંગે કોઇ કાનૂની અથવા ન્યાયિક પગલાં દરદી સામે લેવાશે નહીં. વધુમાં, નોવાન્ત હેલ્થ તબીબી રીતે આવશ્યક કાળજી પૂરી પાડતા પહેલાં તે કારણસર વિલંબ અથવા નકાર નથી આપતા કે કોઇ વ્યક્તિ દ્વારા અગાઉ લીધેલ કાળજીનાં એક અથવા વધુ બિલની ચુકવણી ન થઈ હોય જે નોવાન્ત હેલ્થની ધર્માદા કાળજી નીતિ હેઠળ આવરિત હોય.

B. ધર્માદા કાળજી માટે લાયકાત નિર્ધારિત કરવાનાં વાજબી પ્રયાસો.

NH અને /અથવા NH સાથે કરારબદ્ધ ત્રાહિત પક્ષ વેન્ડર્સ નોવાન્ત હેલ્થની ધર્માદા કાળજી નીતિ હેઠળ નાણાકીય સહાય માટે દરદીની પાત્રતા નિર્ધારિત કરવાના વાજબી પ્રયાસો કરતા પહેલા કોઇ અસાધારણ કલેક્શન ઍક્શન્સ ("ECAs") હાથ ધરશે નહીં.

વાજબી પ્રયાસોમાં સામેલ છે તે પગલાં જે નીચે વિભાગ  II.B.1,II.B 2, II.B.3 અને IIB.4માં દર્શાવેલ હોય.

1. *ECAs શરૂ કરતા પૂર્વે.* ECAs શરૂ કરતા પૂર્વે ઓછામાં ઓછા 30 દિવસ પૂર્વે જેની જાહેરનામાના સમયગાળાની સમાપ્તિ પહેલાં શરૂઆત થશે નહીં, NH નીચે મુજબ કાર્યવાહી કરશે:

(a) દરદીઓને લેખિત સૂચના પૂરી પાડશે કે (1) જે તેવી નાણાકીય સહાય દર્શાવશે જે લાયકાત ધરાવતા વ્યક્તિઓ માટે ધર્માદા કાળજી નીતિ હેઠળ ઉપલબ્ધ હોય;(2) ચુકવણી પ્રાપ્ત કરવા જે ECA હાથ ધરવાનો NH ઇરાદો ધરાવતા હોય તેને ઓળખી કાઢવા; અને (3) એવી અંતિમ સમયરેખા દર્શાવશે જેના પછી ECA(s) હાથ ધરવામાં આવશે જે પૂરી પાડવામાં આવેલ લેખિત સૂચનાની તારીખ પછીના 30 દિવસ કરતા વહેલી નહીં હોય; અને
(b) ઉપરોક્ત લેખિત જાહેરનામાં સાથે દરદીઓને સરળ ભાષામાં સારાંશ પૂરો પાડશે; અને
(c) દર દીને પોતાની ધર્માદા કાળજી નીતિ વિશે મૌખિક જાણ અને કેવી રીતે અરજી પ્રક્રિયામાં

દરદી સહાય મેળવી શકે તે વિશે વાજબી પ્રયાસો કરશે.

2. *અપૂર્ણ અરજી દાખલ કરવી.* અરજી સમયગાળા દરમિયાન જો દરદી અપૂર્ણ અરજી દાખલ કરે તો, નોવાન્ત હેલ્થ નીચે મુજબ પગલાં લેશે:

(a) કાળજી માટે ચુકવણી મેળવવા કોઇપણ ECAs બિનઅમલી રાખશે અને કોઇપણ વધુ કાર્યવાહી હાથ ધરશે નહીં કે શરૂ કરશે નહીં તેવા કોઇપણ અગાઉ શરૂ કરેલ ECA પર જ્યાં સુધી NH નિર્ધારિત ન કરે કે શું વ્યક્તિ ધર્માદા કાળજી માટે યોગ્યતા ધરાવે છે કે કેમ; અને

(b) દરદીને લેખિત સૂચના પૂરી પાડવી જે વધારાનીમાહિતી અને/અથવા ધર્માદા કાળજી નીતિ હેઠળના દસ્તાવેજનું વર્ણન કરે અથવા અરજી જે અરજી પૂર્ણ કરવા રજૂ કરવાની હોય જેમાં સંપર્ક વિગતોનો સમાવેશ થયેલ હોય જેમાં સામેલ છે NH કાર્યાલય અથવા ડિપાર્ટમેન્ટનો ટેલિફોન નંબર અને ભૌતિક સ્થળ જે ધર્માદા કાળજી નીતિ વિશે માહિતી પૂરી પાડી શકે અને અરજીની પ્રક્રિયા માટે સહાય આપી શકે, અથવા જો NH અરજી પ્રક્રિયામાં સહાય ન આપી શકે તો ઓછામાં ઓછી એક બિનલાભકારી અથવા સરકારી એજન્સી જે તેવી સહાય પૂરી પાડી શકે; અને

(c) અન્યથા આનીતિના ધારા II.B.3ની જરૂરિયાતો પૂર્ણ કરે જો અરજીના સમયગાળા દરમિયાન પૂર્ણ કરેલ અરજી પ્રાપ્ત થાય.

3. *પૂર્ણ અરજી દાખલ કરવી.* અરજી સમયગાળા દરમિયાન જો દરદી પૂર્ણ અરજી દાખલ કરે તો, NH નીચે મુજબ કરશે:

(a) કાળજી માટે ચુકવણી મેળવવા કોઇપણ ECAs બિનઅમલી રાખશે અને કોઇપણ વધુ કાર્યવાહી હાથ ધરશે નહીં કે શરૂ કરશે નહીં તેવા કોઇપણ અગાઉ શરૂ કરેલ ECA પર જ્યાં સુધી NH નિર્ધારિત ન કરે કે શું વ્યક્તિ ધર્માદા કાળજી માટે યોગ્યતા ધરાવે છે કે કેમ; અને

(b) તે નિર્ધારણ કરશે કે શું દરદી ધર્માદા કાળજી નીતિ હેઠળ સહાય માટે લાયકાત ધરાવે છે કે કેમ અને દરદીને આલાયકાત નિર્ધારણ અંગે લેખિત જાણ કરશે જેમાં સામેલ છે તે સહાયનો પ્રકાર જેને માટે દરદી લાયકાત ધરાવતા હોય અને આનિર્ધારણનો આધાર; અને

(c) જો દરદી સહાય માટે લાયકાત ધરાવતા હોય તો NH એવી કોઇપણ રકમ દરદીને પાછી આપશે જે તેમણે અથવા તેણીએ કાળજી માટે ચુકવી હોય કે જે ધર્માદા કાળજી નીતિ હેઠળ તેઓ અથવા તેણી ચુકવવા માટે જવાબદાર હોવાનું નિર્ધારિત થયું હોય તે રકમ ઉપરાંતની હોય ($5 કરતા ઓછી રકમ, અથવા તેવી કોઇપણ અન્ય રકમ જે ઇન્ટરનલ રેવન્યુ બુલેટિનમાં પ્રકાશિત અન્ય માર્ગદર્શન અથવા સૂચના હેઠળની નક્કી કરેલ રકમને પાછી આપવાની આવશ્યકતા નથી); અને

(d) ધર્માદા કાળજી નીતિ હેઠળ આવરિત કાળજી માટે ચુકવણી સંપાદિત કરવા દરદી સામે લીધેલ

કોઇપણ ECA (કોઇપણ દેવાના વેચાણ સિવાય) બંધ કરવા NH ઉપલબ્ધ હોય તેવા તમામ વાજબી પગલાં લેશે. આનું ઉદાહરણ એ છે કે દરદીનાં ક્રેડિટ રિપોર્ટમાંથી એવી કોઇપણ પ્રતિકૂળ માહિતી દૂર કરવી જે કન્ઝ્યુમર રિપોર્ટિંગ એજન્સી અથવા ક્રેડિટ બ્યુરોને અહેવાલિત કરવામાં આવી હોય.

4. *સંભવનીય ધર્માદા કાળજી લાયકાત.* ત્રાહિત પક્ષની માહિતી અથવા અગાઉના ધર્માદા કાળજી લાયકાત નિર્ધારણનાં આધારે NH તેમની ધર્માદા કાળજી નીતિ હેઠળ કોઇ દરદીને મફત કાળજી માટે સંભવનીય રીતે લાયક ઠેરવી શકે છે.

5. *કાળજીની બહુવિધ ઘટનાઓ.* બિલની ચુકવણી મેળવવા માટે ECA શરૂ કરતા પહેલાં જો NH કાળજીની બહિવિધ ઘટનાઓ માટે દરદીનાં વણચુકવેલ બિલોનો સરવાળો કરશે તો સરવાળામાં સામેલ કાળજીની સૌથી તાજેતરની ઘટના માટે જારી પ્રથમ પોસ્ટ-ડિસ્ચાર્જ બિલિંગ સ્ટેટમેન્ટ પછી NH 120 દિવસ પ્રતિક્ષા કરશે.

6. *મેડિકેડ લાયકાત.* NHની ધર્માદા કાળજી નીતિ હેઠળ નાણાકીય સહાય માટે પૂર્ણ કરેલ અરજી પ્રાપ્ત કર્યા બાદ RCSનું માનવું હોય કે દરદી મેડિકેડ માટે લાયક ઠરી શકે તો NHની ધર્માદા કાળજી નીતિ હેઠળનાં લાયકાત નિર્ધારણને ત્યાં સુધી મોકૂફ કરવામાં આવી શકે જ્યાં સુધી મેડિકેડ અરજી પૂર્ણ કરીને દાખલ કરવામાં ન આવે અને દરદીની મેડિકેડ લાયકાતનું નિર્ધારણ કરવામાં આવે.

7. *શું NH દ્વારા વાજબી પ્રયાસ માનકની પૂર્તતા થઈ છે કે કેમ તેનું નિર્ધારણ.* નોવાન્ત હેલ્થ ECAની શરૂઆત કરે તે પહેલાં NH રેવન્યુ સાઇકલ સ્ટિઅરિંગ કમિટી, અથવા નિયોક્તા, સમીક્ષા કરશે અને વાજબી પ્રયાસો થયા હોવાનું નિર્ધારણ કરવાની અંતિમ સત્તા ધરાવશે, જે અ નીતિ સાથે સુસંગત હશે, તે નિર્ધારિત કરવા કે શું વ્યક્તિ ધર્માદા કાળજી માટે લાયક છે કે કેમ અને શું ECA શરૂ કરવામાં આવે કે કેમ.

8. *ત્રાહિત પક્ષો સાથે કરારબદ્ધતા.* અરજીના સમયગાળા દરમિયાન જો NH લેણાંની રકમનો હવાલો ત્રાહિત પક્ષને આપે અથવા તેનો સંદર્ભ આપે તો NH દ્વારા ત્રાહિત પક્ષ પાસેથી લેખિત સમજૂતી સંપાદિત કરવાની રહેશે જેમાં નીચે મુજબના મુદ્દાઓ સામેલ હશે: (i)ઉપરોક્ત ધારો II B માં દર્શાવ્યા મુજબનાં વાજબી પ્રયાસોના માપદંડોની પૂર્તતા NH દ્વારા થાય ત્યાં સુધી તે પક્ષ દરદી સામે ECAs લેતા અટકશે; (ii) જો અરજી સમયગાળા દરમિયાન દરદી અરજી દાખલ કરે તો પક્ષ દરદી સામેના કોઇપણ ECA અટકાવી દેશે; (iii) જો અરજી સમયગાળા દરમિયાન દરદી અરજી દાખલ કરે અને NH નિર્ધારિત કરે કે તેઓ પોતાની ધર્માદા કાળજી નીતિ હેઠળ સહાય માટે લાયક છે તો પક્ષ નીચેની બાબતો સમયસર રીતે કરશે: a) ધર્માદા કાળજી નીતિ હેઠળની કાળજી માટે વ્યક્તિ ચુકવણી કરવા બંધાયેલ નથી અને ચુકવણી કરતા નથી તેની ખાતરી કરવા સમજૂતીમાં રહેલ કાર્યપ્રણાલીઓને વળગી રહેશે; b) દરદી સામે લેવાયેલ ECAs પલટાવી દેવા માટે વાજબી પગલાં લેશે; અને c) તેવા

કોઇપણ પેટા ઠેકેદારો પાસેથી લેખિત સમજૂતી સંપાદિત કરશે જેમની પાસે લેણાની રકમનો સંદર્ભ આપવામાં આવ્યો હોય અથવા હવાલો આપવામાં આવ્યો હોય કે પેટા ઠેકેદાર ઉપરોક્ત જરૂરિયાતોને પણ વળગી રહ્યાં છે.

C. બિલિંગ સ્ટેટમેન્ટ્સ.

તમામ બિલિંગ સ્ટેટમેન્ટ્સમાં સુસ્પષ્ટ લેખિત સૂચનાનો સમાવેશ થવો જોઇએ જે દરદીઓને NHની ધર્માદા કાળજી નીતિ હેઠળ નાણાકીય સહાય ઉપલબ્ધ હોવાની જાણકારી અને સૂચના આપે અને NH કાર્યાલય અથવા વિભાગના ટેલિફોન નંબરનો સમાવેશ થવો જોઇએ જે ધર્માદા કાળજી નીતિ અને અરજી પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડી શકે, અને વેબસાઇટનું સરનામું (અથવા URL) જ્યાં ધર્માદા કાળજી નીતિ, અરજીના ફોર્મ અને સરળ ભાષા સારાંશની નકલો મેળવી શકાય.

D. બિલ વિશે તકરાર કરવી.

જો દરદીને બિલ વિશે પ્રશ્ન હોય તો દરદીએ બિલ પર સૂચિત ફોન નંબર પર કૉલ કરવો. બિલ પરની તારીખના 35 દિવસની અંદર દરદી અથવા તેના/તેણીના પ્રતિનિધિ તકરારી મુદ્દા(ઓ)ની સૂચના તેમજ તકરારનું કારણ પૂરું પાડીને બિલ સામે સવલત ખાતે તકરાર નોંધાવી શકે છે. બિલ પર સૂચિત નંબર પર ફોન કરીને સૂચના આપી શકાય. તકરારનું નિરાકરણ રેવેન્યુ સાયકલ સ્પેશ્યાલિસ્ટ દ્વારા તકરારની સૂચનાની તારીખથી અથવા વધારાની માહિતી કે દસ્તાવેજો માટેની વિનંતીની તારીખથી 14 ધંધાકીય દિવસોની અંદર થશે, જે પણ પછીથી હોય.

જો તકરારનું નિરાકરણ દરદીના સંતોષ મુજબ ન થાય તો દરદી અથવા તેના/તેણીના પ્રતિનિધિ આવા નિર્ણય સામે અપીલની સૂચના આપીને અપીલ કરી શકે તથા અપીલનો આધાર નિર્ણયના પત્ર પર રહેલ તારીખના 35 દિવસની અંદર આપી શકે. અપીલનું નિરાકરણ રેવેન્યુ સાયકલના ઉચિત ઉપપ્રમુખ દ્વારા અપીલની સૂચનાની તારીખથી અથવા વધારાની માહિતી કે દસ્તાવેજો માટેની વિનંતીની તારીખથી 14 ધંધાકીય દિવસોની અંદર થશે, જે પણ પછીથી હોય.

બિલની તમામ તકરારો માટે દરદી અથવા તેના/તેણીના પ્રતિનિધિએ તકરાર અને અપીલની પ્રક્રિયાઓ સંપૂર્ણપણે પસાર કરવાની રહેશે. ઉપર દર્શાવેલ પગલાં લીધા વિના તકરારી રકમનો આંશિક ચુકવણીનો ચેક મોકલી તેના પર "પૂર્ણ ચુકવણી થઈ" જેવા શબ્દો લખવાથી લેણાંની રકમ સંતોષાશે નહીં અને નોવાન્ત હેલ્થ તેમ છતાં સંપૂર્ણ રકમની ચુકવણી વસૂલ કરી શકે છે.

સ્થળ અથવા પ્રદાતાના આધારે પ્રક્રિયા અલગહોઇ શકે.

E. શુલ્કોનો અંદાજ અને આઇટમાઇઝ કરેલ શુલ્કોની યાદી માટે વિનંતી.

દરદી 100 સૌથી વારંવાર વપરાતા DRGs, 20 સૌથી સામાન્ય બાહ્યદરદી ઇમેજિંગ કાર્યપ્રણાલીઓ અને 20 સૌથી સામાન્ય બાહ્ય દરદી શસ્ત્રક્રિયાની કાર્યપ્રણાલીઓના શુલ્કોનો અંદાજ મેળવી શકશે. વિનંતી લખીને, ઇલેક્ટ્રોનિક માધ્યમથી અથવા મેઇલ મારફત આપી શકાશે અને માહિતી વિનંતી પ્રાપ્ત થયાના ત્રણ દિવસની અંદર પૂરી પાડવામાં આવશે. દરદી બિલ પર સૂચિત નંબર પર ફોન કરીને અથવા દરદી બિલ પર સૂચિત સરનામે ઇમેઇલ મોકલીને દરદી વિનંતી કરી શકે છે.

દરદી આઇટમો અનુસાર શુલ્કોની યાદી માટે વિનંતી કરી શકે છે જે શુલ્કોના પ્રકાર અથવા દરદીને થયેલ ખર્ચની વિગતો એવી ભાષામાં હોય જે કોઇ પણ સામાન્ય વ્યક્તિ સમજી શકે. દરદીના તમામ બિલો જે આઇટમ પ્રમાણે ન હોય તેમાં દરદીને અપાયેલ સૂચના સામેલ હશે કે તેમને આઇટમ મુજબના બિલ નિશુલ્ક મેળવવા વિનંતી કરવાનો અધિકાર છે. હોસ્પિટલમાંથી રજા મળ્યાની તારીખ પછી ત્રણ વર્ષની અંદર અથવા તે સમય સુધી કે જ્યાં સુધી સવલત ભારપૂર્વક જણાવે કે દરદીની ચુકવણી કરવાની જવાબદારી છે ત્યાં સુધી દરદી કોઇ પણ સમયે આઇટમ પ્રમાણેના શુલ્કોની યાદી માટે વિનંતી કરી શકે છે.

F. રિફંડ માટે વિનંતી.

દરદીના બિલ પર સૂચિત ફોન નંબર પર ફોન કરીને દરદી રિફંડ/વધારાની ચુકવણી વિશે પૂછપરછ કરી શકે છે. તમામ વધારાની ચુકવણીઓ દરદીને આવી વધારાની ચુકવણીની સૂચના મળ્યાના 45 દિવસની અંદર પરત કરવામાં આવશે.

G. આપોલિસીની નકલો.

આપોલિસીની નિશુલ્ક નકલ દરદીના બિલ પર સૂચિત નંબર પર ફોન કરીને, અથવા દરદીના બિલ પર સૂચિત સરનામે ઇમેઇલ મોકલીને મેળવી શકાશે. આપોલિસીની નકલો નોવાન્ત હેલ્થની વેબસાઇટ પરથી પણ મેળવી શકાશે.

H. લાગુ કાનૂનનું અનુપાલન.

લાગુ હોય તેવી NHની તમામ સવલતો અને તબીબના કાર્યાલયો, તેવી લેણી રકમ હાથ પર લેશે જે રાજ્યના ઉચિત બિલિંગ અને કલેકશન કાનૂનો સાથે સુસંગત હોય જેમાં સવલત અથવા કાર્યાલય સ્થિત હોય, જેમાં લાગુ હોય તે મુજબ બિન મર્યાદિત NCGS 131E-91 સામેલ છે.

**બાકાત બાબતો**: આનીતિ તેવી સેવાઓ માટે લાગુ છે જે તમામ નોવાન્ત હેલ્થ સવલતો અને તબીબી જૂથ પ્રેક્ટિસો પર આપવામાં આવતી હોય. આતેવી સેવાઓ માટે લાગુ નથી જે સ્વતંત્ર તબીબો અથવા પ્રેક્ટિશ્નરો દ્વારા આપવામાં આવેલ હોય. આનીતિ એવી સેવાઓ માટે પણ લાગુ નથી જે તબીબો અથવા અન્ય આરોગ્ય કાળજી પ્રદાતાઓ દ્વારા હોસ્પિટલ/સવલત બહાર આપવામાં આવેલ હોય જેમાં

એનેસ્થેસિઓલોજિસ્ટ, રેડિયોલોજિસ્ટ અને/અથવા પેથોલોજિસ્ટ સામેલ છે પરંતુ એમના સુધી મર્યાદિત નથી, જેઓ નોવાન્ત હેલ્થ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ હોય.

## III. લાયકાત ધરાવતા કર્મચારીઓ

રેવેન્યુ સાયકલ સર્વિસિસ સ્ટાફ

## IV. સાધનો

લાગુ નહીં

## V. કાર્યપ્રણાલી

*નીતિના લક્ષ્યો મેળવવા માટે કાર્યપ્રણાલી કર્મચારીઓને સહાયતા આપવા માર્ગદર્શિકાનું કાર્ય કરે છે. આકાર્યપ્રણાલી મુજબની માર્ગદર્શિકા અનુસરતી વખતે કર્મચારીઓ પાસે પોતાની ધારણા વાપરવાની અપેક્ષા રાખવામાં આવે છે જે પ્રેક્ટિસના અને/અથવા કાર્યની જવાબદારીઓના વ્યાપમાં હોય.*

## VI. દસ્તાવેજીકરણ

લાગુ નહીં

## VII. વ્યાખ્યાઓ

અરજી સમયગાળો – કાળજી આપવામાં આવે તે તારીખથી શરૂ થતો સમયગાળો અને જેનો અંત એ તારીખ પછીના 240 દિવસે થાય જ્યારે પ્રથમ રજા આપ્યા બાદનું કાળજી આપ્યાનું બિલિંગ સ્ટેટમેન્ટ પૂરું પાડવામાં આવે અથવા એવા કિસ્સામાં જ્યારે નોવાન્ત હેલ્થ દરદીને અસાધારણ કલેક્શન ઍક્શન શરૂ કરે, જે આવી લેખિત સૂચનામાં ટાંકેલ અંતિમ તારીખ હશે.

ધર્માદા કાળજી – ઓછી આવક ધરાવતા બિનવીમેદાર દરદી જેઓ ધર્માદા કાળજીની ગણતરી હેઠળ NH ધર્માદા કાળજી નીતિમાં સમાવિષ્ટ લાયકાતના માપદંડો પૂર્ણ કરવાના આધારે લાયક ઠરે.

અસાધારણ કલેક્શન ઍક્શન- તબીબી સવલતની ધર્માદા કાળજી નીતિ હેઠળ આવરિત કાળજીના બિલની ચુકવણી સંબંધિત કોઇ પણ પ્રવૃત્તિ જે વ્યક્તિ સામે કરવામાં આવે જેમાં કાનૂની અથવા ન્યાયિક

પ્રક્રિયાની આવશ્યકતા હોય જેમાં તે વ્યક્તિ પાસેથી લેણી રકમ  અન્ય પક્ષને હવાલો આપવાનું સામેલ હોય, જેમાં વ્યક્તિ વિશેની પ્રતિકૂળ માહિતીનો અહેવાલ કન્ઝ્યુમર ક્રેડિટ રિપોર્ટિંગ એજન્સીઓ અથવા ક્રેડિટ બ્યુરોને આપવી પડે, અથવા મોકૂફી કે નકાર આપવો પડે, અથવા તબીબી રીતે જરૂરી કાળજી પૂરી પાડતા પહેલા વ્યક્તિને અગાઉ પૂરી પાડવામાં આવેલ તબીબી સવલતની ધર્માદા કાળજી નીતિ હેઠળ પૂરી પાડવામાં આવેલ કાળજીના એક અથવા વધુ બિલની બિન ચુકવણી કરેલ રકમની ચુકવણી આવશ્યક હોય. જે અંગત ઇજાઓ માટે હોસ્પિટલ દ્વારા કાળજી આપવામાં આવી તેના પરિણામે દરદી (અથવા તેમના કે તેણીના પ્રતિનિધિ) પાસે ચુકાદા, સેટલમેન્ટ અથવા સમાધાનમાંથી લેણાં નીકળતા નાણા માટે રાજ્યના કાયદા હેઠળ જે પૂર્વાધિકારનો હક નોવાન્ત હેલ્થ બજાવી શકે તેનો આમાં સમાવેશ નથી.

<u>પરિવાર</u> - માં સામેલ છે પતિ, પત્ની અને કોઇ પણ બાળકો (સાવકા બાળકો સહિત) જેઓ ઘરમાં નિવાસ કરતા હોય અને વેરા હેતુસર લાયક ઠરતા હોય.

<u>આવક</u> - ખાધાખોરાકી અને બાળકોના નિર્વાહ ખર્ચને બાદ કરતાં, તમામ સ્રોતોમાંથી આવતી વેરા પહેલાની વાર્ષિક કૌટુંબિક આવકઅને રોકડ લાભ. W-2 પે સ્ટબ્સ, ટેક્સ રિટર્ન અથવા ધર્માદા સ્ટેટસ નિર્ધારિત કરવા માટે જરૂરી અન્ય દસ્તાવેજોની સમીક્ષા દ્વારા આવકના પુરાવા નિર્ધારિત કરી શકાશે.

<u>ઇનપેશન્ટ</u> – નોવાન્ત હેલ્થ સવલતમાં સેવાઓ માટે દાખલ કરવામાં આવેલ વ્યક્તિ, દરદી સામાન્યપણે 24 કલાક કરતા વધુ સમય સુધી નિવાસ કરે છે.

<u>તબીબી રીતે ઉદ્ગામી</u> - જીવન માટે ખતરારૂપ અથવા વિકલાંગતા લાવતી પરિસ્થિતિ જેની સારવાર ન કરવામાં આવે તો ગંભીર હાનિ થઈ શકે અથવા જીવન કે હાથ પગ ગુમાવવામાં પરિણમી શકે.

<u>તબીબી રીતે તાકીદનું</u> – તબીબી કાળજી જે જીવન માટે ખતરારૂપ ન હોય પરંતુ વાજબી, આવશ્યક અને/અથવા ઉચિત ગણવામાં આવે જેનો આધાર પુરાવા આધારિત કાળજીના નૈદાનિક માપદંડો પર હોય.

<u>સૂચના સમયગાળો</u> – કાળજી શરૂ કર્યાની પ્રથમ તારીખ અને જેનો અંત પૂરી પાડવામાં આવેલ કાળજી માટેના પ્રથમ પોસ્ટ-ડિસ્ચાર્જ બિલિંગ સ્ટેટમેન્ટ બાદના 120 દિવસે થાય તે સમયગાળો.

<u>NHMG</u> – નોવાન્ત હેલ્થ મેડિકલ ગૃપ

<u>અવલોકન</u> – ઈનપેશન્ટ સ્થિતિમાં ફેરબદલી કર્યા વિના 24 કલાક સુધી નોવાન્ત હેલ્થ સવલત પર

દરદીને રહેવા દેતો આઉટ પેશન્ટ વર્ગ.

આઉટપેશન્ટ – નોવાન્ત હેલ્થ સવલત પર સારવાર/કાળજી પ્રાપ્ત કરતા દરદી અને સેવા લીધાની તારીખે જ ઘરે જતાં રહે.

સરળ ભાષા સારાંશ – લેખિત વિધાન જે વ્યક્તિને જાણ કરે કે નોવાન્ત હેલ્થ સવલત ધર્માદા કાળજી નીતિ હેઠળ નાણાકીય સહાય પૂરી પાડે છે અને નીચે મુજબની વધારાની માહિતી સરળ સ્પષ્ટ ભાષામાં પૂરી પાડે જે સરળતાથી સમજાઇ જાય: (i) ધર્માદા કાળજી નીતિ હેઠળ મળતી સહાય અને લાયકાત જરૂરિયાતોનું ટૂંકુ વર્ણન; (ii) ધર્માદા કાળજી નીતિ હેઠળ કેવી રીતે સહાય માટે અરજી કરવી તેનું ટૂંકુ વર્ણન; (iii) ડાયરેક્ટ વેબસાઇટ સરનામું (અથવા URL) અને ભૌતિક સ્થળો જ્યાં વ્યક્તિ ધર્માદા કાળજી નીતિની નિઃશુલ્ક નકલ મેળવી શકે અને અરજી ફોર્મ મેળવી શકે; (iv) ધર્માદા કાળજી નીતિની નિઃશુલ્ક નકલ અને અરજી ફોર્મ કેવી રીતે મેળવવી તે વિશે સૂચનાઓ; (v) સવલત કાર્યાલય અથવા વિભાગ જે ધર્માદા કાળજી નીતિ વિશે માહિતી પૂરી પાડી શકે તેમના ટેલિફોન નંબર અને ભૌતિક સ્થાન સહિત સંપર્ક માહિતી અને ક્યાં તો કાર્યાલય અથવા વિભાગ જે અરજી આપવાથી સહાય આપી શકે અથવા બિનલાભકારી અથવા સરકારી એજન્સી જે સહાય આપી શકાય; (vi) ધર્માદા કાળજી નીતિના અનુવાદો, અરજી અને સરળ ભાષા સારાંશની ઉપલબ્ધતા વિશે વિધાન, જો તે લાગુ હોય, અને (vii) નિવેદન કે ધર્માદા કાળજી માટે લાયક વ્યક્તિ પાસેથી એ રકમથી વધુ શુલ્ક વસુલ કરવામાં ન આવે જે સામાન્યતઃ વીમા ધરાવતા વ્યક્તિઓ પાસેથી શુલ્ક વસુલવામાં આવતો હોય, જે સમાન કટોકટી માટેની કાળજી અથવા કોઇ અન્ય તબીબી રીતે આવશ્યક કાળજી આવરી લેતી હોય.

RCS – રેવેન્યુ સાયકલ સર્વિસિસ

## VIII. સંબંધિત દસ્તાવેજો

- કલેક્શન વિનંતી; તબીબનો પત્ર; કેટેસ્ટ્રોફિક સેટલમેન્ટ; અનઈન્શ્યોર્ડ ડિસ્કાઉન્ટ; પેમેન્ટ પ્લાન; દાખલ થવાનો; શુલ્ક અને નાણાકીય સલાહસૂચન
- ધર્માદા કાળજી NH-Dept-FIN-BCD-111.1 v.2

## IX. સંદર્ભો

લાગુ નહીં

## X. રજૂ કરનાર વ્યક્તિ

નોવાન્ત હેલ્થ બિલિંગ અને પેશન્ટ બેલેન્સ સબ-કમિટીના કલેક્શન્સ

## XI. મુખ્ય શબ્દો

બિલિંગ, એકત્રિકરણ, દરદીની બાકી રકમ , બરતરફી, વણચુકવાયેલ ઉધાર, વીમાના દાવા, એક્યૂટ, બિલિંગ, વણચુકવાયેલ ઉધાર, શુલ્ક

## XII.

| | |
|---|---|
| **શરૂઆતની અમલી તારીખ** | 08/2014 |
| **સુધારા અમલી બનવાની તારીખો** | 01/01/2016 |
| **સમીક્ષા થયાની તારીખો (કોઇ પરિવર્તનો નહીં)** | |
| **આગામી સમીક્ષા માટેની તારીખ** | 01/2019 |

## હસ્તાક્ષર શીટ

| | |
|---|---|
| **શીર્ષક** | બિલિંગ અને દરદી સિલક એકત્રીકરણ |
| **ક્રમાંક** | NH-LD-FM-111.5 |
| **ટીજેસી કાર્યો** | સતત સારવાર |
| **અહીં લાગુ થશે** | નોવાન્ત હેલ્થ રેવેન્યુ સાયકલ |
| **એક્શન** | શરૂઆત |

**દ્વારા માન્ય:**

| **શીર્ષક** | **દ્વારા માન્ય** | **સહી** | **તારીખ** |
|---|---|---|---|
| એસવીપી, રેવેન્યુ સાયકલ | રિશેલ મેંક ફ્લિશર | | ઇલેક્ટ્રોનિક સહી જુઓ |
| | | | |
| | | | |

**આવ્યક્તિ દ્વારા સમિતિઓ માન્ય થઈ:**

| **સમિતિ** | **ચેરપર્સન/ડેઝિગ્નિ** | **તારીખ** |
|---|---|---|
| NHMG નિદાનના માપદંડો/દરદી સુરક્ષા સમિતિ | જ્હોન કાર્ડ MD, ચેરમેન | |
| | | |